| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ : | ૨૮/૦૨/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ : | ૨૮/૦૨/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ : | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| સમય : | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**નડીયાદના મહેરબાન સેકન્ડ એડીશનલ સેશન્સ જજ અને**
**સ્પે.પોકસો જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ– નડીયાદ.**

ફોજદારી પરચુ. અરજી નં. ૨૫૮/૨૦૨૬
આંક :

**અરજદાર :–** **વિક્રમભાઈ નાથાભાઈ ભરવાડ**
ઉ.વ.૨૫, ધંધો–ખેતી / પશુપાલન,
રહે. ભાટપુરા સીમ, મુ. રામોલ,
તા. વસો, જી. ખેડા.
(હાલ સબજેલ બિલોદરા)

**– વિરૂધ્ધ –**

**સામાવાળા :–** **સરકારશ્રી,**

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ –૪૮૩ મુજબની**
**જામીન અરજી. (ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ મુજબ)**

.................................................................................

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ડી.આર. બ્રહમભટ્ટ
સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી ડી.આર. બારોટ

.................................................................................

-:: **હુકમ** ::-

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ મહેળાવ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુન્હા રજીસ્ટર નંબર : ૧૧૨૧૫૦૧૭૨૩૦૬૪/૨૦૨૩ થી ઈન્ડીયન પીનલ કોડની કલમ-૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ-૬, ૫(એલ), ૫(જે)(૨) મુજબના ગુન્હાના કામે તેઓની અટક થયેલ હોય અને ત્યારથી હાલના અરજદાર/ આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૩ અન્વયે જામીન મુકત થવા માટે હાલની અરજી અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે ફરિયાદપક્ષને નોટિસ કાઢતાં, ફરીયાદપક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી ડી.આર.બારોટ હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ જામીન અરજી વિરૂધ્ધનું સોગંદનામુ રજૂ કરેલ છે, તે વંચાણે લીધેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી નાએ તેઓની રજુઆતમાં ભારપૂર્વક જણાવેલ છે કે, અરજદાર તદૃન નિર્દોષ છે અને કોઈ ગુન્હો કરેલ નથી તથા કોઈ ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ ભજવેલ નથી. અરજદાર વિરૂધ્ધ જે આક્ષેપ કરવામાં આવેલ છે તે તમામ ખોટાં આક્ષેપ કરાવમાં આવેલ છે.સદર આક્ષેપિત બનાવ તા. ૨૬/૦૯/૨૦૨૨ થી તા.

૦૭/૦૪/૨૦૨૩ વચ્ચે બનવાનું બતાવેલ છે. જયારે બનાવની ફરીયાદ તા. ૦૮/૧૧/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે અને સદર વિલંબ અંગે કોઈ ખુલાસો ફરીયાદમાં કરવામાં આવેલ નથી. અરજદાર નાની ઉંમરના છે અને બદઈરાદાથી મનસ્વી ઈરાદો પાર પાડવા અરજદારને આવા જઘન્ય અપરાધમાં ખોટી રીતે આક્ષેપ કરવામાં આવેલ છે. અરજદાર /આરોપી ઉપર આ અગાઉ કોઈ ગુન્હો નોંધાયેલ નથી. ત.ક.અમલદારે સદર ગુનાની તપાસ પૂર્ણ કરી નામ. પોકસો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે જેનો પોકસો કેસ નં. ૧૧ ૫/૨૦૨૩ પડેલ છે. જેથી હવે વધુ તપાસના કામે અરજદારની જરૂરીયાત રહેતી ના હોય તેમજ સાક્ષી પુરાવા સાથે ચેડા થવાનો કોઈ સંભવ રહેલ ના હોય, જેથી પણ અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે. અરજદાર / આરોપીએ અગાઉ કરેલ આગોતરા જામીન અરજી નામંજુર થયેલ છે. ત્યારબાદ કરેલ વચગાળાની જામીન અરજી વિથ્ડ્રો કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર /આરોપી કુટું બ કબીલા વાળા માણસ છે અને વસો તાલુકાના સ્થાનિક રહેવાસી હોય, સ્થાવર જંગમ મિલકત ધરાવે છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી, ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ હોય, જેથી તેઓને જો જામીન પર મુકત કરવામાં ના આવે તો તેઓને ખોટી રીતે લાંબો સમય જેલમાં રહેવું પડે તેમ હોય,આ સંજોગોમાં અરજદાર/ આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા રજુઆત કરેલી છે.

(૪) ઉપરોકત હકીકતો સામે સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન પી.પી.શ્રી ડી.આર. બારોટ હાજર થઈ અરજદાર/આરોપીની અરજીનો સખત વિરોધ કરતાં ભારપૂર્વક જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીએ સગીર ભોગ બનનાર ઉ.વ.૧૫ વર્ષ ૧૦ માસની નાની સાથે તા. ૨૬/૦૯/૨૦૨૨ થી તા.૦૭/૦૪/૨૦૨૩ વચ્ચે અવારનવાર શારીરીક સંભોગ કરી સાત માસની ગર્ભવતી બનાવ્યાની ફરીયાદ છે. અરજદાર/આરોપી ભોગ બનનાર ૧૫ વર્ષ ૧૦ માસની સગીર વયની છે તેવુ જાણતા હોવા છતાં અને પોતે પરણીત હોવા છતાં ભોગ બનનાર સાથે અવારનવાર શારીરીક સંભોગ, બળાત્કાર કરી સાત માસની ગર્ભવતી બનાવેલ છે. અરજદાર / આરોપી સામે પોકસો એકટ મુજબનો ગંભીર ગુન્હાનો આક્ષેપ છે. અગાઉ કરેલ આગોતરા જામીન અરજી નામંજુર થયેલ છે ત્યારબાદ કરેલ વચગાળાની જામીન અરજી વિથ્ડ્રો છે. ચાર્જશીટ બાદ કોઈ સંજોગો બદલાયેલા નથી. સદર કામે ભોગ બનનાર, ફરીયાદી તથા અન્ય સાહેદોનો પુરાવો થઈ ગયેલ છે. સદર કામ પુરાવાના સ્ટેજે છે અને જો હાલના તબકકે અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો નાસી–ભાગી જાય, ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચીત થઈ શકે તેમ ન હોય, સદર ટ્રાયલ વિલંબમાં પડે જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની અરજી રદ્દ કરવા માં ગણી કરેલ છે.

(૫) અરજદાર/આરોપીની જામીન અરજી અનુસંધાને પક્ષકારોના વકીલોની દલીલો સાંભળી તેમજ અરજી સાથે સામેલ રાખેલ દસ્તાવેજો, કેસ પેપર્સ તેમજ તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ વંચાણે લીધું. હાલના કામે ફરીયાદની હકીકત ધ્યાને લેતા આ કામના અરજદાર/આરોપીએ સગીર ભોગ બનનાર ઉ.વ.૧૫ વર્ષ ૧૦ માસની નાની સાથે તા. ૨૬/૦૯/૨૦૨૨ થી તા.૦૭/૦૪/૨૦૨૩ વચ્ચે અવારનવાર શારીરીક સંભોગ કરી સાત માસની ગર્ભવતી બનાવ્યાની ફરીયાદ છે. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, અરજદાર અને ભોગ બનનાર વચ્ચે પ્રેમ સંબંધ હતો. અરજદાર ભોગ બનનારને કયાંય ભગાડી ગયેલ નથી કે જારકર્મ કરેલ નથી. અરજદાર/આરોપી ૨૫ વર્ષની નાની ઉંમરના છે. વસો તાલુકાના સ્થાનિક રહેવાસી છે, ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી, કયાંય નાસી ભાગી જાય તેવા નથી. સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ થઈ ગયેલ છે અને હાલની અરજી ચાર્જશીટ બાદ કરેલ હોય, જેથી હવે વધુ તપાસના કામે અરજદારની જરૂરીયાત રહેતી ના હોય જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. સદર કામે સરકારી વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ભોગ બનનાર ૧૫ વર્ષ ૧૦ માસની સગીર વયની છે તેવુ જાણતા હોવા છતાં અને પોતે પરણીત હોવા છતાં ભોગ બનનાર સાથે અવારનવાર શારીરીક સંભોગ કરી સાત માસની ગર્ભવતી બનાવેલ છે. પોકસો એકટ મુજબનો

ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે. ચાર્જશીટ બાદ કોઈ સંજોગો બદલાયેલા હોય તેવી હકીકત અરજદાર/આરોપીના વિ.વ.શ્રી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર કામે ભોગ બનનાર, ફરીયાદી તથા અન્ય સાહેદોનો તપાસી લીધેલા છે. સદર કામ પુરાવાના સ્ટેજે છે અને જો હાલના તબકકે અરજદાર / આરોપીને જામીન મુકત કરવામાં આવે તો નાસી–ભાગી જાય, ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચીત થઈ શકે તેમ ન હોય, સદર ટ્રાયલ વિલંબમાં પડે તેવી દલીલમાં તથ્ય હોવાનું જણાય આવે છે. આમ, ઉપરોકત તમામ હકીકતો, સંજોગો ધ્યાને લેતા અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવતુ ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

(૧) આ કામના અરજદાર/આરોપી **વિક્રમભાઈ નાથાભાઈ ભરવાડ** નાઓની ફોજદારી પરચુરણ અરજી નં. **૨૫૮/૨૦૨૬** આથી **નામંજુર યાને કે રદ્દ** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ**: ૧૨મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ મારી સહીં કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

નડીયાદ.
તા. ૧૨/૦૩/૨૦૨૬

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
સેકન્ડ એડીશનલ સેશન્સ જજ અને
સ્પે. પોકસો જજ, ખેડા–એટ–નડીયાદ.
(જયુડી. કોડ નં. જીજે.૦૧૬૦૦)

(/મિશ્રા)